"મંદિર–પ્રવેશ" ના મૂર્તિપૂજક ફતવાની ફુઝુલિયત.

લેખક:—ડૉ. સોહરાબ હોરમસજી સંતોક,
M. B., B. S.

["નવરંગ"ના મે ૧૯૩૪ ના અંકમાંથી ઉતારો.]

"મંદિર-પ્રવેશ" ના મૂર્તિપૂજક ફતવાની ફુઝુલિયત.

—:o:—

લેખક:—ડૉ. સોહરાબ હોરમસજી સંતોક. M. B., B. S

—o—

"વિચાર" કહે:—પામ્યો શું **અખા,**
જન્મ-જન્મનો ક્યાં છે સખા?
કર્મધર્મનો કાઢી પાશ,
આત્મ આપે સ્વયં પ્રકાશ.
ખટ દર્શનના જૂજવા મતા,
ખોળ્યું તેણે ખાધી ખતા.
અખા, એ "અંધારો કૂવો,"—
ઝગડો ચૂકવે કોણ જીવતો મુઓ.

વેદ-વાચસ્પતિ અખો ભગત.

ગોપી ગોવિંદની ગત ન્યારી,—
શું જાણે સંસાર?
હૈયે હેત **વધે,** અને **વહે** વદનથી.
કોણ લહે તેનો પાર!

ભક્ત-કવિ દયારામ.

(૧) મ્હારા લીધા છે હીરા ને મોતી,
ઝગવી જોગીએ (તેમાં) અણમૂળ કો **"જ્યોતિ."**
મ્હારાં ઉડાવ્યાં સોણલાં વા દળિએ,
ફેંકી જીવનની રેખ "કાળ"ને તળિએ.
મ્હારા ભાગ્યના કુમ—કુમ છે લીધા,
તેના અજબ ઉદય ને અસ્ત કીધા.
તોયે ઝરે છે અમી એની આંખોમાં,
ભર્યા સૃજનના સાજ એની પાંખોમાં.

(૨) શું વાદળનાં "જૂથ" (=ટગલા) ડરાવે કોડ કિરણના ભાલા?
એક સૂર્ય પૂર્વે ઉગે, ત્યાં સૌ તમ:અંધ નમાલા.

જાગે તેને છે અજવાળાં, નહી તેને અંધારાં,
વિધિનું વ્હાણું વાયું, વીરા ! થયાં સુભગ સવારાં.

—કવિશ્રી અરદેશર ફરામજી ખબરદાર.

હૃદયની 'ધુપઃદાની'માં —
બળે જ્યોતિ, સુગંધ પ્રસરે;
કરૂં **"આતશ-પરસ્તી"** હું —
મગર **"અંગાર"** જૂદો છે.

—**'હાફિઝ'**ની ગઝલનો **'નસીમ'** કૃત તરજૂમો.

ચાહ્ય મને **આતશ-પરસ્તો**,—"કારણ" શું તેનું છે?
બુઝાય ના **"આતશ"**,–એવો **'જ્ઞાન–અગ્નિ'** દીલમાં પ્રજળે છે.
(આતશ = અવસ્તાનો "**અર્ત—અષ**" = અર્દિ—અહેરત.):

ટી. બી. કંથારીઆ કૃત **'હાફિઝ'**નો તરજૂમો.

બાગમાં ઝુલે **"નવરંગ"** ફુલો,
એ ફુલડાં ઝોલા ખાય;
પણ જે પિંજરમાંથી પોપટ ઉડ્યો,
તે પિંજર કરડવા ધાય !

વૈષ્ણવ : કવિ અનંતરામ નિરંજન (અગમ્યવાદી).

* * *

હવે તો આ વાત સર્વઃવિદીત છે કે ગાંધીજીની "શેહ"માં જવાથીજ (૧) લાલા દુનીચંદને **"પીછે હઠ" થી** દુનિયાં ડુબી જવાનો ભય લાગો. (૨) શ્રી૦ નરીમાન તો "નરી આંખે" વસ્તુસ્થિતિ જોઇ શક્યાજ નહીં, (૩) શ્રીયુત ચીન્તામણીને ચિંતા થઇ, (૪) સાક્ષર શ્રી૦ ભૂલાભાઇ તો ભૂલભૂલામણીની ભુલવણીમાં ભૂલાજ પડ્યા, (૫) સાક્ષર શ્રી. મુન્શીએ "નહીં જાણવા જેવું" જાણી લીધું, (૬) પંડિત **'મદ'ન 'મોહન'** માલવિય જેવા ભારત–ભૂષણ હિન્દુત્વ–પ્રેમી પણ **'મોહ + મદ'થી** ઘેરાઇ ગયા, અને (૭) વલ્લભઃભાઇ પટેલ તથા જવાહિરલાલ નેહરૂ જેવા નેતાઓ **"નેતિ—નેતિ"નો વેદ–ધ્વનિ ગજવતા** જેલઃમહેલ રૂપી છટકામાં જ સપડાઇ–જકડાઇ ગયા,—અને એવી રીતે અનેક દેશભકતોએ ગાંધીજીના "મુરબ્બીવટ"નો પ્રભાવ

વિસ્તૃત કરવા ફોકટનાં ફાંફાં મારીને પોતાના સમય અને શક્તિની નાહક બરબાદી કીધી, પણ તેથી **"સ્વરાજ"** એક તસુ પણ આગળ આવ્યું નહીં. એવીજ રીતે **"હરિજન પ્રવૃત્તિ"ને નામે**, હરિજનોનો ઉધ્ધાર કરવાનું બહાનું બતાવીને, ખોટી જીકકરભરી હુજ્જતખોરી તથા અનર્થકારી હુલ્લડખોરીને ઉતેજન આપનારા **લાલ વાવટાધારી "લાલ બુઝોર્ગો"** તો ગાંધીજીની મંદિર-પ્રવેશની 'હાકલ'નો ગેર-લાભ લઇને અન્ત્યજોની પોતાની ના-મરજી છતાં તેઓને મંદિરોમાં ઘુસાડવા આદુ ખાઇને મંડયા રહે છે, પણ તેથી અંતે તો અંત્યજ બન્ધુઓને પસ્તાવો કરવાનો જ સમય આવી લાગશે, કારણ કે એવી રીતે કાંઈ **'અસ્પૃશ્યતા"નું ખરેખરૂ નિવારણ** થઇ શકશે નહીં. પોતાનું વ્યકિતગત મહત્વ વધારવાની મહા "તમા"-થી મહત્વેચ્છાના 'મોહ-પાશ'માં જકડાએલા મોહકાણદાસ ઉર્ફે **"મોહ"—**ના **દાસ**ની કાયદાભંગી **પ્રવૃતિ** અને નાટકપ્રીય પ્રકૃતિ પ્રજાલાભનાં કામોમાં બેહદ નુકસાનઃકારક નીવડી છે; અને હજી પણ **"મદિર-પ્રવેશ" નું તુત** ઉભુ કરીને ગાંધીજી વિના કારણ "મોંદકાણનું મંડાણ" કરી રહ્યા છે; અને એ બધા "ગોટાળા"નો ગેરલાભ લેનારાઓ ગાંધીજીના અનુયાયી તરીકે પોતાને કહેવડાવીને હરિજન માટે મેળવેલા ફંડમાંથી "પારકે પૈસે પરમ-આનંદ." માણીને મોજ-મજાહ ઉડાવે છે. (તે વિષે જુઓ **"ગુજરાતી"**નું સિંહાવલોકન, ૨૧ મી જાન્યુઆરી ૧૯૩૪, પાનું ૮૯) મહાસાગરના ઉંડા પાણીમાં રહેનારા મગરમચ્છની માફક **"ઉંડી રમત"** રમનારા સામ્રાજ્યવાદી **વિદેશી** વિઘ્નસંતોષીઓ, એવી અંધાધુંધીવાળી પરિસ્થિતિમાં પ્રપંચ-જાળ પાથરીને, શાન્તિમય **"સ્વદેશી ચળવળ"** ની સાત્વિકતા તથા સત્યતા વિષે ગેર-સમજ ફેલાવીને તેનું મહત્વ, સત્વ, તત્વ અને સ્વત્વ નાબુદ કરવાની પેરવી કરી રહયા છે તે તો પેલા કાયદાભંગી કુપ-મંડુકો કયાંથી સમજી શકે? ભલભલા "મહાત્મા" ને ઉંધતા વેચી નાખે એવા ચપરખંધા રાજદ્વારી મુત્સદ્દીઓ, હરિજન પ્રવૃતિને ઉત્તેજન આપવાને બહાને "ફાકીયાત" ફેંકીને કે "વાહીયાત વાતો" કરીને, દેશભકતોના હૃદયમાંથી સ્વરાજ્યઃપ્રાપ્તિનું ધ્યેય ભુલાવી દેવા મથી રહયા છે,

અને ખરૂં જોતાં તો તેઓ ગરીબની **સહાય** કરી શકતા નથી પણ તેઓની **હાય** લીયે છે વળી કોઇક શ્રીયુત ગેન્ડેરાવ પેન્ડાપ્રસાદ તર્કાચાર્ય જેવા આર્યસમાજી પંડિતો તો. ગાંધીજીની "મંદિર-પ્રવેશ" ની ચળવળ પ્રત્યે અખુટ પ્રેમ અને અતુટ શ્રધ્ધા હોવાનું ડોળ ધાલીને ઢેડ-ભંગીઆઓને મદિરોમાં ઘુસાડવા.—અને એ રીતે **શ્રી૦ દયાનંદ સરસ્વતીના શિક્ષણોની વિરૂદ્ધ જઇને મુર્તિપુજાને ઉ-તેજન આપવા,** ખુબજ ચાલાકીથી ઢોંગબાજી ખેલી રહ્યા છે, પણ મુઢજનોને મુગ્ધ કરનારા એવા "આર્ય:સમાજી" હિન્દુ પંડિતોના પરાક્રમની પ્રસાદીમાં વિશુદ્ધ **"આર્ય"** ભાવના, કે આર્ય તત્વચિન્તનનો નિચોડ, અને પરમાર્થી, પરમ-કલ્યાણકારી, સાત્વિક **"આર્ય જીવન"** નો નીતાર, **નથીજ.** સાચા આર્ય-સમાજી વિદ્વાનોએ તો મુતિપુજકોના વહેમોનું ખંડન કરીને "મંદિર-પ્રવેશ"-ના **વ્યામોહ** ને મિટાવી દેવા માટે કમર કસીને કાળજીપુર્વક કોશેશો કરવી જોઇયે.

વિદ્યાઃવિનય-સંપન્ન સનાતનીઓ જેઓ પ્રભુનું પિતૃત્વ અને માનવજાતિનું બન્ધુત્વ સ્વિકારે છે તેઓ તો અંત્યજોનો ઉધ્ધાર કરવાની વિવેકપુરઃસર ચળવળનો વિરોધ કરવા કે તેમાં વિઘ્ન નાખવા નથી ઇચ્છતા, તેના પુરાવા તરીકે ખુદ સનાતનીઓનું માનીતું સુઃપ્રસિદ્ધ પત્ર **"ગુજરાતી"** ના જુદા-જુદા અંકોમાંથી ખાસ અગત્યનાં **આઠ** ટાંચણો આપું છું:—

(૧) શ્રી૦ કૃષ્ણની એકનિષ્ટ ભકિત, જન્મથી ચાંડાલ હોય તે સુધ્ધાંતને શુધ્ધ કરે છે." ("ગુજરાતી" નો **શ્રીકૃષ્ણાંક,** ૧૩ મી ઓગસ્ટ ૧૯૩૩, પાનું ૧૧૬૯.)

(૨) **અસ્પૃશ્યોને,** ઉતરતા વા પછાત વર્ગોને, અમારા ભાંડરૂ ગણીએ છીએ. તેમની પ્રાપ્ત સ્થિતિનો યોગ્ય સામાજીક, આર્થિક, રાજકીય, નાગરિક **ઉધ્ધાર** પ્રમાણીકપણે કરવાના પ્રયાસોમાં અમે સંમત છીએ." ("ગુજરાતી" તા૦ ૨૬-૧૧-૩૩, પાનું ૧૬૯૧, કોલમ ત્રીજી.)

(૩) **"હરિજન—**નો અર્થ 'ભગવાનના માનીતા' છે... જેઓ **સત્કાર્યો** કરે છે તેમને ભગવાન પોતાના કરે છે, **પછી**

તે સ્પૃશ્ય હોય કે અસ્પૃશ્ય, એ તો સનાતનીઓ પણ સારી રીતે જાણે છે." ("ગુજરાતી" નું **'સિંહાવ લોકન,'-તા૦ ૭-૧-૧૯૩૪,** પાનું ૧૩.)

(૪) "ખરાબને સુધારવાનું કામ **સારા** નું છે, પણ ખરાબને **ખરાબ રહેવા દઈ તેનો સંગ કરવામાં આવે તો,** સંસર્ગ દોષના બળે સારો પણ ખરાબ થવાનો......અસ્પૃશ્યો 'સ્પૃશ્યો લાયક' થતાં આપોઆપજ અસ્પૃશ્યો મટી **'સ્પૃશ્યો'** (=touchable) થઇ જશે." ("ગુજરાતી"—૨ જી ઓકટોબર ૧૯૩૨, પાનું ૧૪૨૯, ચોથી કોલમ.)

(૫) વિદેશી સન્નારી **ગાંધારી** જે કંદહાર (અસલ **ઇરાની** દેશ) ની હતી તે દુર્યોધનાદિ પ્રખ્યાત ક્ષત્રિયોની જનેતા હતી. (અર્જુનની માતુશ્રી **પાર્થી** પણ **પારથીઆ–Parthia**–ની "ઇરાની બાનુ" હતી.) એવીજ રીતે અઃસવર્ણ વિવાહ થતા હતા. માટે સંકુચિત મનોદશાને દેશવટો દીયો, વર્ણાશ્રમની સુધારણા કરો." "ગુજરાતી,"—તા૦ ૫ મી નવેમ્બર સને ૧૯૩૩, પાનું ૧૫૯૧,= **"શ્રી૦ દામોદરલાલ ઉવાચ."**

(૬) "અસ્પૃશ્યતાનો નાશ અને અસ્પૃશ્યોદ્ધાર એ બે તદન જુદી વસ્તુ છે. **અસ્શ્પૃયોદ્ધાર** માં સનતાનીઓ **સાથ આપી શકે.**" ("ગુજરાતી,"—તા૦ ૪ થી જુન ૧૯૩૩, પાનું ૮૦૫, બીજી કોલમ–ની લીટી ૪૧ થી ૪૪.)

(૭) "મલીન આચારો, વ્યવહારો, રીવાજો અને બુરી આદતો આદિ જે કારણોએ અસ્પૃશ્યો સાથે **ભેળાવામાં** વાસ્તવિક સૂગ અને પ્રતિબંધો વર્ણાશ્રમીઓને લાગે છે તે કારણો દુર કરાવવાનાં સબળ **પગલાં ભરાવવાનું** કાર્ય પહેલું ઉપાડવું જોઇએ છે."—"ગુજરાતી," ૨૯–૧–૩૩ (તેત્રીસ,) પાનું ૧૫૩.

(૮) "**અંત્યજોને** જોઇએ છે આર્થિક તેમજ રાજકીય ઉધ્ધાર. તેમને **'મંદિર–પ્રવેશ' ની કાંઇજ પડી નથી."**

ગુજરાત અને "બૃહદ ગુજરાત"—ની ગુજરાતી વાંચક–આલમમાં જાણીતું અને માનીતું થઇ પડેલું દૈનિક પત્ર **"હિંદુ-**

સ્તાન-પ્રજામિત્ર" ના ૨૯ મી ઑક્ટોબર ૧૯૩૨ (બત્રીસ) ના અંકમાં અગ્યારમે પાને "**વર્ણ-વ્યવસ્થા અને અસ્પૃશ્યતા-નિવારણ**" વિષે આર્ય-સમાજીઓ તેમજ સનાતનીઓ બંનેને મનન કરવા યોગ્ય લેખ પ્રગટ થયો છે તેમાંથી બે વાક્યોજ ટાંકું છું:—વેદવારામાંયે **આર્યો (=ઇરાનીઓ)** હિન્દના મુલવતનીઓને 'દસ્યુ' અને ગુલામ ગણી હંમેશાં **હલકી પાયરીમાં** ("inferiority-complex" જાણીને) જકડી રાખતા. પણ હવે એ **'Pharisee-ism'**=ફેરીસી-ઇઝમ-નો નાશ થવોજ જોઇએ." વળી, તા૦ ૧૩ મી જાનેવારી ૧૯૩૩ ના **"હિંદુસ્તાન-પ્રજામિત્ર"** માં તેના 'તંત્રીમંડળના ભેગાં બળથી તૈયાર થએલા' બે ખાસ લેખો પ્રગટ થયા છે તેમાંથી નીચલાં બે ટાંચણો આપું છું:—(૧) "અંત્યજોના માનવીય હકકો જાળવવા કરતાં હીંન્દુ કોમનું બળ સાચવી રાખવાની ગાંધીજીની નેમ વિશેષ હોવાથી **કેવળ 'કોમી ભાવના' ઉપરજ** મહાત્માજીએ સર્વ મંડાણ કર્યું. અંત્યજો હિન્દુઓથી અલગ પડી જાય તો હિન્દુ કોમ નબળી પડે,—એજ દ્રષ્ટિ ગાંધીજીની છે............અંત્યજોની રાજકીય, આર્થીક અને શીક્ષણીય **ઉન્નતિ** (બેહેતરી) ના પ્રયત્નો કરવાને બદલે **'મંદિર-પ્રવેશ'-ની નિરર્થક મ્હોંકાણ** મંડાઈ, તેથી કારમો કોમવાદ અને ઝેરીલી ઝઘડાખોરી વધી પડી છે."—"હિંદુસ્તાન-પ્રજામિત્ર" તા૦ ૧૩-૧-૩૩, પાનું ચોથું....(૨). "રોજના જીવનમાં જેની કંઇજ અસર જણાય નહીં એવી **'મંદિર-પ્રવેશ"-ની મામુલી બાબત માટે** સવર્ણ હીન્દુઓની જમાનાજુની પ્રથાને એકાએક ઉલટાવી નાખવાની **અનર્થ-કારી હું-કારક હઠવાદી જીકર** કરવામાં કઇ જાતનું ડહાપણ છે?"—જુઓ, 'હિંદુસ્તાન-પ્રજામિત્ર,' તા૦ ૧૩ મી જાનેવારી ૧૯૩૩ (એડીટોરીઅલ કોલમ), પાનું ૬.

'નવરંગ'-ના "જમશેદી નવરોઝ અંક" **(માર્ચ ૧૯૩૪,** પાનાં ૧૪ થી ૧૮) માં શાસ્ત્રી રેવાશંકરે "ચટકા:પત્ર" ની ચટાકેદાર ચટણી પીસીને પીરસી છે પણ પારસી તેમજ હિન્દુ વિદ્વાનોની નજરે શાસ્ત્રીજીનું નમાલું ચર્ચાપત્ર ફીકાં મરચાંપત્ર

માત્ર અંધારામાં ઝગમગારા મારતા આગિયાના પ્રકાશની ઝાંખી કરાવે છે. એ ચર્ચાપત્રનો **‘જડબાંતોડ જવાબ’** આર્ય-સમાજી પંડિત **સત્યવ્રતજી** “આર્ય-પ્રકાશ” માં લગભગ વીસ લેખાંકોમાં પ્રગટ કરનાર છે અને તે લેખ-માળા અત્યાર અગાઉથી શરૂ થઈ ગઈ છે, તે દરમ્યાન હાલ તુર્ત તો હું મ્હારી તરફથી માત્ર આટલું જ મંદિરો અને મૂર્તિપૂજાના સંબંધમાં કહીશ કે: ઇરાની જરથોસ્તી બુન્યાદના **‘રૂષિ’ઓએ** એટલે અવસ્તાવાણીના **“રેષિ” અથવા “હરેષિ” કીંવા “એરેષિ”-એ** (વિદ્વાન સ્કૉલર મી૦ સોહરાબ જમશેદજી બલસારા, M. A., દલીલપૂર્વક બતાવે છે તેમ: “Avesta being a Vibrat'ory Language the real pronunciation of words is inimitable in this modern age”) **ઋગ્વેદની ઋચાઓ રચી છે;** પણ વેદકાળના હિન્દુસ્તાનના મૂળ-વતની હિન્દુ ઉર્ફે કૃષ્ણુત્વક અનાર્યોને તો ખુદ ૠગ્વેદમાં જ, ૧. અવ્રત (=devoid of real religion), ૨. અશ્રદ્ધ (=having no Faith), ૩. “દસ્યુ” ઉર્ફે “દાસ” યાને ગુલામી મનોવૃત્તિવાળા, તથા ૪. જાહેલ મૂર્તિપૂજકો અને વામ-માર્ગી લીંગ-પૂજકો તરીકે જ આલેખ્યા છે. ઋગ્વેદવાળા ઋષિઓ જરથોસ્તી **ઈરાની** બુન્યાદના હોવાથીજ તેઓ મૂર્તિપૂજાની વિરૂદ્ધ હતા, જ્યારે તે જૂના જમાનામાં પણ **અનાર્ય ‘કૃષ્ણુત્વક’** હિન્દુઓ તો મૂર્તિપૂજા જ કરતા હતા, અને તેઓએ **માઝેંન્દ્રાનના “ઇંન્દ્ર દેવ” નુ વડપણ સ્વિકાર્યું હતું,** તેથી તેઓ આજ સુધી **માઝ** (=મ્હોટો,=મહદ=મઝદ) **ઇન્દ્ર** (માઝ+ઇન્દ્ર) નામના **દેવ** (અવસ્તાના દએ+ઇવ=મૂર્તિ) ની પૂજા કરવાની જાહેલ ટેવથી બીજા અનેક ‘માઝેંનીયન’ અને ‘વરેનીયન’ **દેવોની** “દેવ-યસ્ની” એટલે Demon-worship કરે છે, તેમજ વળી અસલ **“ઇલામ”-ની ઇલા-દેવી** અને **દેવ-ઇલ** જેવી બૂરી શક્તિઓની પલીદ પૂજા (Devil=દેવ+ઇલ=ઇલામના દેવની આરાધના) અને લોહી તરસી “કાળી માતા” જેવી સેતાનિયત શકિતની પૂજા ચાલુ રાખે છે. **પણ ઋગ્વેદની ઋચાઓમાંથી** આજના મૂર્તિ-પૂજક દેવયરની હઠાગ્રહીઓએ કાઢના ધારેલા ધ્વની અને

ઉઠાવેલો ભ્રમ તદ્દન અઘટિત છે. મંદિરો અને મૂર્તિઓને "ધર્મની દુકાનદારી" અને પેટ ભરવાનું સાધન બનાવનારા શાસ્ત્રી-બ્રાહ્મણો તો વેદકાળથી માંડીને આજ સુધી **મૂર્તિપૂજા-વિરોધક "સત્ય:ધર્મ"**—નાં રૂડાં કામોમાં હંમેશાં ફાંચડ મારતા જ જણાયા છે, તેથીજ કામા ઓરીએન્ટલ ઇન્સ્ટીટયુટના **જરનલ** નંબર **૧૩** માં સોળમે પાને Indo Iranian Philosophy—by Professor Earnest Horrwitz ખાસ ધ્યાન ખેંચે છે કે:—

Brahminism was **not an Aryan institution** but a purely Indian organization which arose **after** the racial rift, i. e., after the Indo-Aryans separated from the **original Aryan or Iranian stock.**"

રૂગ્વેદની ઋચાઓના પોતાની રૂચીને અનુસરીને **અર્થના અનર્થ કરવામાં** પાવરધા બનેલા શાસ્ત્રીઓ વેદ-વચનોને મારી-મચડીને ઋગ્વેદમાંથી મુર્તિપૂજા-ઉત્તેજક શિક્ષણ શોધવા ખુબ ફાંફાં મારે છે પણ મુર્તિપુજાનો હયવાનિયત હઠાગ્રહ ધરાવનારા અનાર્ય બુન્યાદના, કે આર્યો અને અનાર્યોના મિશ્રણવાળી વર્ણસંકર ઓલાદના યાને ઇરાનથી હીંદમાં આવેલા ગોરવર્ણા આર્યો સાથે કાળી જાતિ (=ભીલ, કોળી, દ્રાવિડ વગેરે અનાર્ય જાતિ) ના 'હિંન્દુ' ઉર્ફે "કૃષ્ણત્વક"—**નાં** વર્ણસંકર લગ્નોથી ઉત્પન્ન થયેલ થયેલ 'ભેળંમ-ભેળની જાત્રા'નાં "ખાનદાની ખર:ખુચાં" જેવા શાસ્ત્રીઓનાં એવાં જીક્કરભર્યાં જીત્ર:તોડ હવાતીયાંથી જ મુર્તિપુજકોનો નર્યો-નીતર્યો દંભ અને સત્યધર્મને બદલે પાખંડ:મત (=ધર્મને નામે ચાલતું ધતિંગ) ને કોઇ પણ ઉપાયે ટકાવી રાખવાનો શાસ્ત્રીઓનો પ્રપંચ છતો થઇ જાય છે, તેઓના પ્રપંચની "પોલ" ઉઘાડી પડી જાય છે, તથા મુર્તિપુજાની અનાર્ય અન્નાડી માન્યતાનો પોકળ પરપોટો ફુટી જાય છે, અને મુર્તિપુજા (=બુત-પરસ્તી, દેવ-પરસ્તી) ની જાહેલિયત તથા ફુઝુલિયત પૂરવાર થઇ જાય છે, તે છતાં સ્વાર્થ:સાધુ મમતી

અંધશ્રધ્ધાળુઓની દાંભિક 'ટકટક' નો કે કપટઃમય 'કટકટ'નો અને ખોટી ખટપટનો અંત આવતોજ નથી! જેમ નાટકી ઢબે "રાસ–લીલા" ને બહાને હરામી–હવસી ઇલ્લતથી ફરેબના ફાંસામાં ફસી પડેલી કોઇ વેશ્યાવૃતિવાળી વલવલતી "વલ્લભા"નાં વલોવાયલાં જીગરને પોતાનું વામ–માર્ગી પાખંડ "પુષ્ટીપુર્વક" પુરાવાથી ઉઘાડું પડી જતાં કારી ઘા લાગ્યો હોય, છતાં પોતે સમજી–વિચારીને સ્વ–સુધારણા કરવાને બદલે તેવી વંઠેલ વિલાસવતી વનિતા તો, ઉલટી સુધારકોની જ નીંદા કરવા મંડી જાય, તેમજ **સત્યધર્મનાં શિક્ષણો પ્રમાણે ચાલવાને બદલે** માત્ર મુર્તિ-પુજાની મમતખોરીવાળી મોંહકાણુમાંજ મચ્યા રહેનારા ધર્મદંભી શાસ્ત્રીઓ મુર્તિપુજાનું અકકલહીન ધતિંગ ચાલુ રાખીને સત્યધર્મ–પ્રવર્તક એકેશ્વરવાદી સુધારકોની નાહક નીંદા જ કરે છે, પણ હવે નજદીકના ભવિષ્યમાં આખા હિન્દુ સમાજને હચમચાવી મુકે એવો જબરો એકાદ ગજબનાક રાષ્ટ્રીય ઉલ્કાપાત અથવા તો માઝેંન્દ્રાનના મુજીઓ જેવી મિથ્યા મમત, બહોંસ, જીદ અને જીક્ર રાખનારા મુર્તિપુજકોની સુધ્ધ ઠેકાણે લાવી દીયે એવો ભિષણુ સામાજીક ઉત્પાત કે રાજકીય ભૂકંપ થશે ત્યારેજ જડસુ–ઓઠડ દેવ–યસ્ની બુત–પરસ્તો પોતાની જમાનાઃજુની અફીણુની ઘેન જેવી નીંદ્રામાંથી જાગૃત થશે અને કહેશે કેઃ "જાગીને જોઉં તો **મૂર્તિ** ન દીસે કયાંઇ,—અવ્યકત **અમૂર્તિ** હ્રદયમાં સમાઇ."

"મંદિર–પ્રવેશ" નો મુર્તિપુજક દુરાગ્રહ પકડી રાખનારા જીદ્દી જનો જાણુતા નથી કે તેમની ભોળાઇનો ગેરલાભ લેનારા **લાલ વાવટાધારી** બોલસેવીક બદમાશો કે કોમ્યુનીસ્ટ કોરગાઓ જેઓનો મુદ્રાલેખ એ છે કેઃ "**માર** ખાય ભગો, ને **માલ** ખાય જગો"—તેઓ તો બે–ધડક બે–અદબીથી એમ બકે છે કેઃ "મદોન્મત હાથી જેવા મદાંધો (=મંદિર પ્રવેશવાદીઓ) ને જાણી જોઇને અકસ્માતની ખાઇમાં ફેંકી દેવા માટે શિયાળવાં જેવી લુચ્ચાઇથી પ્રપંચ રચીને, પછી '**પુછડું પકડી ઉપર આવો**'—**એમ હાથીને કહેનાર શિયાળ માફક**, અજ્ઞાન

ગર્તામાં જ સડવા દેવા!—પછી ભલેને કોઇ "ભેંસના ભાઇ" પાડા જેવા "**પ્રભુના દાસ**" તથા તેમનું નામ પાડનારી ફોગટીઆ **ફોઇબા** અને તેમના "**લટકણીયા** રત્ન" જેવા **રત્નો** ભેગા મળીને ગાંડી "ગાંધી-ભકિત" રૂપી ભાંગની ધુનમાં મંદિર-પ્રવેશનું ધમસાણ મચાવીને સળગતાં મકાનમાં સપડાયેલા ઉંદરોની પેઠે કે ભર દરિયે આગના ભડકાથી તારાજ થતી સ્ટીમરમાં ભયગ્રસ્ત થયેલા કોઈ ખલાસીના પાલેલા વાંદરાની પેઠે હાવરા-બાવરા બની દોડધામ કરી મુકે!" ઉપર વરણવ્યા પ્રમાણેના શિયાળ કે કોહોલાં જેવા લુચ્ચાઓના પ્રપંચથી ખરેખર "ઉંદરો" અને અટકચાળા કરનારા "વાંદરા"નેજ નુકસાન થાય—કાંઇ હવામાં ઉડી જાણનારાં પંખીઓને તેવા પ્રપંચથી બ્હીવા જેવું લાગતું નથી, તેથીજ **અખો ભગત** કહી ગયો છે કે:—

આગી નગરમાં લાગે લાય.
'**પંખી**' ને શો ધોખો ખાય?
"ઉંદર" બાચારા કરતા શોર,
જેને નહીં ઉડવાનું જોર.

વળી કોઇ "વાંદરા" ઉપર હનુમાનજીની કે 'ગણ-પતિ'-ની કૃપા હશે, તો "આપ્તકાળમાં—આફતના સમયમાં—**ગેબી મદદ** મળી રહેશે જ" એમ શ્રધ્ધા રાખીને તે તો 'ચોફાળ' ઓઢીને નિરાંતે સુઇ જશે, કારણ કે **કવિરાજ સામળ** ભટ્ટ સાચુંજ કહી ગયા છે કે:—

છેક હોય જો "પોદ્દો પાણ,"—
તેને **મહા-વીર** કરે જાણ સુજાણ.

"**મહાવીર**"ના ત્રણ અર્થો છે:—૧. બજરંગ બલી હનુમાનજી, ૨. 'ગણ-પતિ' ૩. જઇનોના તીર્થંકર, જેણે "**અહીંસા પરમ** ધર્મ" નું સુત્ર જગતને આપ્યું.]

"**ઇંદ્ર-દેવ**" ઉરફે "માઝ-ઇન્દ્ર"ની ઇંદ્રઃજાળમાં ફસાઇને મુર્તિપુજાની જુગ-જુની "**રૂઢિચુસ્તતા**"માં તથા '**પુરાતનવાદ**' ની પુજામાં અને અંધઃશ્રધ્ધાળુ 'દેવપરસ્તી' બુત-પરસ્ત "**ધર્મ-ઘેલછા**"માંજ હીંદુઓએ પ્રારબ્ધનું પ્રાબલ્ય અને જીંદગીનું

સાફલ્ય માની લીધું; તેથી પરિણામ એ આવ્યું કે રેતીના રણમાં "માર્ગ–ભુલેલા મુસાફરો"–ની માફક માયાવિક મૃગજળ (mirage in a desert) માં અઠડાઇ–પછડાઇને ભુલા–ભટકતા ભમવામાં હીંદુઓના અનેક જન્મો અટવાઇ ગયા છતાં અફીણની ઘેન જેવી "**નચિંત નીંદ્રા**"ની સ્વપ્નસૃષ્ટિમાંથી **જરથુસ્ત્ર** અને **બુદ્ધ** જેવા પરમ–પવિત્ર પયગંમ્બરો પણ તેઓને સઃજાગ્રત કરી શકયા નહીં યાને સત્યસૃષ્ટિમાં લાવી શકયા નહીં,————એ હકીકત આજના સમાજઃસુધારકોને માટે નિરાશા–જનક અને ઉત્સાહ–ઉચ્છેદક છે, તો પણ નિષ્કામવૃત્તિથી ખંતઃપુર્વક '**સ્વ–સુધારણા**" નો ઉદ્યમ ચાલુ રાખવાથી, હિન્દુઓ હવે સાચા સનાતન '**આર્ય ધર્મ**'ના સદ્‌બોધ અનુસાર મુર્તિપૂજા છોડી દેશે તો તેઓ **પ્રગતિ** (=Progress) અને **પ્રભુતા** એટલે Godliness યાને **ઐશ્વર્ય** ને પંથે પગલાં પાડશે. [ગાંધીવાદી નવીન શબ્દકોષમાં "હરિજન" એટલે ઢેડ–ભંગી છે, તેજ પ્રમાણે અર્થનો અનર્થ કરનારા રા૦ ન્હાનાલાલ પ્રમાણેઃ "**પ્રભુતા** એટલે લગ્ન !!!"]

અસ્પૃશ્યતા—એ કાંઇ ઇશ્વર–નિર્મિત્ત વિવેક–ધર્મ નથી, પરંતુ **સત્યધર્મની વિરોધી**, અવિવેકી અને અન્યાયી રૂઢિ જ છે. ઇરાનથી હીંદમાં આવી વસેલા **આર્યો** ને ખરેખર કચવાટ–કમકમાટ અને સુગ લાગે એવા ગંદા–મેલા કૃષ્ણત્વક અનાર્ય દસ્યુઓનાં દુરગંધથી ભરપૂર (filthy, dirty, unclean) મલીન શરીરો જોઇને જ તેઓએ "**હિન્દુ ઉરફે કૃષ્ણત્વક જાતિ"–ને દીવસમાં ત્રણ વાર ન્હાવાનું ફરમાન શાસ્ત્રો મારફતે આપ્યું.** આજે તો ગોરા યુરોપીયનો પણ હીંદુઓને એમજ કહે છે કે: "અગર જો તમે—હિંદુઓ—પોતાને '**આર્ય**' એટલે '**સંસ્કારી**' કહેવડાવવા માંગતા હો, તો '**ન્હાઈ નાંખો**'!!" એ કારણને લીધેજ ઇરાની '**ફેરીસીઝ**' =Pharisees (a corrupted from of Parsees) હીંદના કૃષ્ણત્વક અનાર્ય મુર્તિપૂજક "દસ્યુઓ" ને **અસ્પૃશ્ય** તરીકે રાખતાં શીખ્યા, અને ઇરાની Pharisees (ફેરીસીઝ)

ની 'તુંડાઈ' થી પ્રચલિત થયેલી એવી કુઃરૂઢિ આજ સુધી હીંદુસ્તાનમાં જડ ઘાલી રહી છે.

બિચારા નાહક હિણાતા અને હડધુત થતા **'અંત્યજ'** તથા **'અસ્પૃશ્ય'** માનવઃબન્ધુઓ પ્રત્યે છેકજ અન્યાયી અમાનુષિ વર્તન ચલાવીને તેઓના માણુસાઇપણા (=ઇનસાનિયત) ના કુદરતી હકકો, તથા તેમની **"માનવ : તા"** ને માન આપીને તેઓને કેળવણીથી **"માન : વંતા"** બનાવવાની સનાતન ફરજ, સ્વિકારવાને બદલે કહેવાતા સનાતનીઓ તો પેલા "ફેરીસીઝ" ની જ પેઠે "હરિજનો" તરફ તુંડાઇ ભરેલું અતડાઃપણું, અલગઃપણું અને જાલિમ જોહાકી જુલ્મીપણું જ દાખવી રહ્યા છે, પણ હવે એ અસ્પૃશ્યોનાં દીન પ્રતિદીન વધતાં જતાં બળ સામે સનાતનીઓ ટકી શકનાર નથીજ; માટે "સનાતની" પાખંડઃપ્રવર્તકોએ હવે સઃવેળા સમજી જવું જોઇએ છે કે : જેમ જવાળામુખી ફાટીને તેના ભીત્તરમાંથી ધગધગતો લાવા નીકળતાંજ જાણે કે પ્રલયકાળ નજીક આવ્યો હોય એવો ધર્તીકંપનો ધ્રુજારો થઇને પૃથ્વીનું પડ ઉથલઃપાથલ થઇ જાય છે, તેમ દીર્ઘકાલથી દુઃખમાં દબાયલા અને સંતાપથી સમઃસમી રહેલા દલીતવર્ગના હૈયાંની ઊન્હી વરાળ ઉચ્છરંખલ થઇને હિંદુ સમાજની જાલિમ શૃંખલાઓને તોડી-ફોડી નાખ્યા વિના રહેનાર નથીજ. અંતે તો ઇશ્વરની ઇચ્છાથી "હરિજનો" જ વિજય પ્રાપ્ત કરશે, કારણ કે **અખો ભગત** કહી ગયો છે તેમ—

અખા, "ઇશ્વર-ઇચ્છા" નું પ્રબળ—
દળી નાંખશે "કુ : કર્મ" નું દળ.
હરિ—ઇચ્છા **મોટી** બળવંત,
તેનો કોઇ ન જાણે અંત.

હરિજનોની અમોલ મુંઝવણને વાચા આપનારાં **બે ઉર્દુ કાવ્યો** :—(૧) સુઃપ્રસિધ્ધ દૈનિક પત્ર **"ખિલાફત"**—ગુરૂવાર, તા૦ ૨૦ મી એપ્રીલ ૧૯૩૩ ના અંકમાં, અને (૨) Bombay Chronicle (**ક્રોનીકલ**), શનીવાર તા૦ ૨૨ મી જુલાઈ

૧૯૩૩ માં અગ્યારમે પાને,—પ્રગટ **થયાં છે**, તે બંન્નેમાંથી માત્ર બે–ચાર લીટીઓજ અત્રે ટાંકી બતાવું છું :—

(૧) સમજો ન હમેં ઐસા અબ "આઝીઝો–બીચારા,"
હમ સિને–એ–હસ્તીમેં હએ **'અંગાર:હી અંગારા.'**
દબ જાએં કીસીસે હમ?—હમસે યે હએ 'ના–મુમ:કીન,'
હક અપના નિગેહબાં, ઔર **હાફીઝ** હએ ઝામીન.

(૨) હમેં અસીરે (=કેદી) કરેં, યા કફસમેં બંદ કર દેં,
મગર હમારા જીગર કો દબા નહીં શકતે—
હમ દે ચૂકા હએ મહોબ્બતમે મઓત–કો તરજીહ,
વ્હો 'કત્લ **કએદ**' સે હમકો ડરા નહીં શકતે.

હિન્દુ–મુસ્લિમ એકતાના સંદેશ–વાહક **સંત કબીર સાહેબ** કહી ગયા છે કે :—

ગજ, કાતરણી, લઇને બેઠા,
હરજી (=હરિ) "દીન–દયાળ;"
વધે–ઘટે તેને કરે બરાબર,
સહુની લે સંભાળ.

તેજ પ્રમાણે "મંદિર–પ્રવેશ" ની મુર્તિપૂજક મ્હોંકાણમાં હિન્દુ કે મુસ્લિમ કોમોમાંની એક યા બીજી કોમના હરિજનો એટલે "**ખુદાના બંદા**" ની સંખ્યા અને સંગઠીત બળ વધે–ઘટે તો તેવા વાંધા–વઢવાઢથી "**સુધારા–વધારા**" **ને બહાને** તેઓ નાહક લઢે–વઢે નહીં એવો સંભાળપુર્વક બંદોબસ્ત **સર્વ-શકિતમાન સત્તા (Almighty Power)** તરફથી થશેજ. અગર જો એમ નહીં થાય તો પછી **અખો ભગત** કહી ગયો છે તે પ્રમાણે—

આપોઆપ–માં ઉડે "બલા,"
એક કહે **રામ,** ને એક કહે **અલ્લા.** (=અલ્લાહ)

પણ રામ અને રહિમ, કે અલ્લાહ અને અહુર:મઝદ ક્યાં જુદા છે? ખુદા તો એકજ છે ને?

હિન્દુઓના "**દેવી ભાગવત**" નામના શાસ્ત્રમાં મુર્તિપુજકોને (૧) અતિ ઘોર અંધકારઃમય કુવામાં પડનારા અજ્ઞાનીઓ, તથા (૨) "વિમુઢ" એટલે અક્કલહીન બે-વકુફ કહ્યા છે,—એમ ખુદ હિન્દુ પંડિત **સત્યવ્રતજી** એ "આર્ય પ્રકાશ" તા૦ ૧૧-૨-૧૯૩૪, પાનું ૬ માં લખી બતાવ્યું છે, તે છતાં આજે તો હિંદુઓ મુર્તિ-પુજાની મમતમાં "**મંદિર-પ્રવેશ**" નું ધમસાણુ મચાવે છે, તે કરતાં વધુ બહેતર તો એ છે કે અન્ત્યજો કીંવા અસ્પૃશ્યો ઇસ્લામ (ઇસ્લામનો અર્થ "શાન્તિ" થાય છે) નો **એકેશ્વરવાદી** ધર્મ એખ્તયાર કરીને સાચા "હરિ-જન" એટલે પ્રભુ-ભકત બની જાય. ભય-ત્રાસથી ગભરાઇ ગયેલા "**અસ્પૃશ્યો**" ને ઇસ્લામની સમાનતા-પ્રીય નીતિથી અપનાવી લઇને તેઓને સાચા 'હરિજનો' "**ખુદાના બંદા**" તરીકે **ઇસ્લામ** માં સ્વિકારવા-સત્કારવાની ઇસમાઇલીઓ તથા અન્ય ઇસ્લામીઓની ફરજ થઇ પડી છે, કારણુ કે **વિશ્વબંધુત્વ** ની આર્ય (=noble=સંસ્કારી) ભાવનાથી મનુષ્યઃ માત્રનું **રક્ષણુ** અને **કલ્યાણુ** કરવું, એ તો હરેક ઇસ્લામી "ઇમાનદાર મોમીન" ની આઇન ફરજ છે. ખસુસ કરીને અત્યારેજ એ ફર્જનું કર્જ અદા કરવાની ખાસ આવશ્યકતા છે; કારણુ કેઃ '**મંદિર-પ્રવેશ**'-ના ગડબડાધ્યાયવાળી "**હરિજન પ્રવૃત્તિ**" તો મુર્તિપુજક ધમસાણુ મચાવીને સ્વરાજ-પ્રાપ્તિના માર્ગમાં હરકતકર્તા થવા ઉપરાંત બીજી ત્રણુ રીતે નુકસાનકારક છેઃ (૧) આજની અનર્થકારી, અન્યાયકારી, અવિચારી "મંદિર પ્રવેશ" ની ચળવળની "ચેળ" ને લીધે ગાંધીજીના અંધશ્રધ્ધાળુ અનુયાયીઓ અનેક ધાર્મિક "**અભય આશ્રમો**" માં પણુ ભય-ત્રાસ ફેલાવે છે, (૨) બોલશેવીઝમની "બલા" ને કીંવા કોમ્યુનીઝમના "કેહેર"-ને આમંત્રણુ આપે છે, (૩) હિંદુ-મુસ્લીમ એકતાને વિધ્નઃરૂપ થઇ પડે છે.

દેશભકત બેરીસ્ટર શ્રી૦ સાવરકરે રત્નાગીરીમાં "**અસ્પૃશ્યતા નિવારણુ**" વિષે કરેલા મનનીય ભાષણુમાંથી તા૦ ૧૫-૧૦-૧૯૩૩ ના '**હિન્દુ-જ્યોતિ**' માં નીચલો અગત્યનો ફકરો આપ્યો છેઃ—

"સ્મૃતિ શાસ્ત્રોથી પુરવાર થાય છે કે હિન્દુઓના **બધા** વર્ણોમાં

'આંતર–જાતીય લગ્નો' થયાં હતાં, માટે આજે બધા હીંદુઓને 'વર્ણસંકરતા' વારસામાં મળી છેજ." વળી, શ્રી૦ ગૌરિશંકર સિંહ ઉપલાજ '**હિન્દુ–જ્યોતિ**' ના ૧૫ મી ઓકટોબર ૧૯૩૩ ના અંકમાં દશમે પાને દાખલા–દલીલો આપીને લખે છે કે:—

હિન્દુ જાતિમાં મનુષ્ય માત્ર સાથે સમાન વ્યવહાર રાખવાની આજ્ઞા છે (**અથર્વ વેદ, ૩–૩૦**) જેમાં ક્ષત્રિય કુલોત્પન્ન વિશ્વામિત્ર બ્રહ્મર્ષિ પદ મેળવી શકે છે (**મહાભારત,** અનુ પર્વ) વળી "વેશ્યા પુત્ર" **વસિષ્ટ** બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ગણાયા છે. માછણ કન્યાથી ઉત્પન્ન થયેલ **વ્યાસ** કે જેને માટે મેજર–જેનરલ ફરલોંગ કૃત Short Studies in the Science of Comparative Religions નામના વિદ્વતાપુર્ણ ગ્રંથમાં લખ્યું છે કે "Bastard" તરીકેજ ખુદ હિંદુ શાસ્ત્રોમાં વ્યાસને લેખેલા છે, તે વ્યાસ હવે ગરજ પડી ત્યારે **મહર્ષિ** કહેવાય છે, અને "ચંડાળ" કહેવાતી 'ચાંડાલ કન્યા'–ના ગર્ભથી ઉદ્‌ભવેલા **ઋષિ પરાસર** માત્ર 'બ્રાહ્મણ' નહી પરંતુ "મહર્ષિ અને સ્મૃતિકાર" બન્યા છે,—જુઓ **મહાભારત,** વન પર્વ." ઉપલા દાખલા–દલીલોને ટેકો આપનારી સાહદતો **સુપ્રસિધ્ધ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી** એ પોતાના ભાષણમાં રજુ કરી હતી તે "**મુંબઈ સમાચાર**" (તા૦ ૨૦ માર્ચ ૧૯૩૪, પાનું પાંચમું) **માં** આખુંય છાપ્યું છે તેમાંથી એક ફકરોજ ટાંકું છું:—

"અંત્યજ માતાને પેટે રૂષિ પરાસર પેદા પડયા, અને મહામુની વશીષ્ઠ **ગણીકાના પુત્ર** હતા……વળી, આર્યો અને શુદ્ર જાતિની (=ઢેડ, મહાર, ચમાર) સ્ત્રીઓનો 'ગેરકાયદેસર સંબંધ' સામાન્ય હતો. **શુદ્રા** ઓ આર્યો જોડે 'આડો સંબંધ' રાખતી હતીજ."—જુઓ, મુંબઇ સમાચાર, તા૦ વીસમી માર્ચ ૧૯૩૪, પાંચમું પાનું. અંત્યજોનો ઉધ્ધાર અને અસ્પૃશ્યતાની કુરૂઢીનો નાશ કરવાનું શિક્ષણ ગુજરાતનો ફીલસુફ–કવિ **અખો ભગત** આપી ગયો છે. **અખો** તો સત્યવકતા હોવાથી સાફ–સાફ કહી દીયે છે કે:—

આભડછેટ અંત્યજની જણી,
બ્રાહ્મણ–વૈષ્ણવ કીધા "ધણી."

મરાઠી કહેવત પ્રમાણે: **"નાવાનેં લવાટે, આણિ બુધ્ધિનેં બટાટે"**—એવા પોતાની "બડાઇ" ની ડફાંસ મારનારા અને ઇતિહાસમાં કદી નહીં નોંધાયલી એવી "અહિંસાત્મક લડાઇ" (!) ની લબ્ભાસ હાંકનારા **કાયદાભંગીઓ,** જરા બરાબર આંખ 'ચોળીને' વસ્તુસ્થિતિ નિહાળે નહીં તથા કાન 'ખોલીને' સત્ય વાત સાંભળે નહીં તેથીજ તેઓએ રાષ્ટ્રીય "રાજ–રમત" માં ગંભીર ગોથું ખાધું છે અને જેઓ મિત્રભાવે ગાંધીજીની અને ગાંધીવાદીઓની ભૂલો દેખાડી આપે તેઓનાં લખાણો પ્રગટ કરવાની તો **"અંધકાર–પ્રવર્તક અંધેર વર્તમાન" જેવાં પત્રોના** તંત્રીઓ અને માલેકો હસદખોરીથી **ધસીને "ના" પાડતા જ હતા,** કારણ કે કોન્ગ્રેસને નામે "ચરી ખાનારા" એવા ધુવડનીતિવાળા તંત્રીઓથી જ્ઞાન–સૂર્યનું જગ–કલ્યાણકારી અજવાળું સહન થઇ શકતું નથી, તેથી સ્થળસંકોચનું જુઠું બહાનું બતાવે છે, પણ "વાવડી"–ના વાળંદોનાં વ્યાખ્યાનો કે "પીપરડી"–ના પીંજારાની પરિષદો વિષે લાંબા–લચક લેખો પ્રગટ કરવા માટે તેઓ પુષ્કળ જગ્યા ફાજલ પાડી શકે છે! એવા તરકટી તરકડાઓને "વિનાશ કાળે વિપરીત બુધ્ધિ" જ સુઝ પડે છે કેમકે તેઓનું આખુંયે "વિચાર–વાતાવરણ" સ્વાર્થ–પ્રપંચ અને વિષાદ–વિખવાદનાં વાદળાંઓથીજ ઘેરાયલું રહે છે—એ જો કે કુદરતના કરણીના કાયદા અનુસાર જ છે છતાં તે આપણા દેશનાં દુર્ભાગ્ય તથા કોગી સહકારવાદીઓનાં કમ–નસીબની આગાહી રૂપે છે. **મહુંમ બાઇ એન્ની બેઝંટ** અગાઉથી જ **"આગાહી"** કરી ગયાં હતાં કે:—
"Non–co:operators will ultimately find themselves left out in the cold. The story of N. C. O. is a tragedy. History will give the final verdict."—Annie Besant.

અંતે તો "હિમાલયની ઠંડી" થી ગાંધીવાદીઓના ખડીયા-માંની શાહી સુકાઇને કોલસો થઇ જશે (!) અને "**સત્ય-પ્રકાશ**"–ની બત્તી તો ઠડરાવી નાંખનારી ઠંડીમાં પણ એવી બંધાઇ જશે કે તેને માટે કોઇએ "જામે" માં કહયું છે તેમ "તેને બટાએ છુંદશો તોયે બુઝાશે નહી!!!" હમણા તો ગરમીની મોસમ હોવાથી કેટલાક મહાસભાવાદીઓએ ગાંધીવાદીઓની સામે "અંગાર–ઝરતી ફુલ:ખરણીઓ તડાતડ છોડી છે" અને તેની અસરથી ઝનુની પાડાના લાલ લોહી જેવા "ખૂની" ડોળામાં જે "ખુન્નસ" જણાય તેવો "ખવીસ ખસલતનો" ખારીલો ખીજવાટ "**અંધકાર–પ્રવર્તક અંધેર વર્તમાન**" જેવા સ્વાર્થ–પરાયણ પેટભરૂ પત્રોના સંચાલકની આંખોમાં સ્પષ્ટ તરવરી રહેલો દીસે છે. વળી "ભાડુતી લેખણપટ્ટી" કરીને પોતાનું "પેટિયું" ખેંચી કાઢનારા અંધકાર–પ્રવર્તક અંધેર વર્તમાન પત્રોના સ્વાર્થી પેટભરા પત્રકારો હવે "**મંદિર પ્રવેશ**" ની અવિચારી ચળવળને ઉ-તેજન આપી હુજ્જતખોરી તથા હુલ્લડખોરીને ટેકો આપે છે,—તો જો કે તેઓ પોતાના મનમાં તો જાણે છે કે: "રડશે રૂવાળો, ને પીંજશે કે પીટશે પીંજારો;—પણ પત્રકાર મેળવશે પેટ પૂરતો ગુજારો!" એવા હૃદયશુન્ય પ્રપંચી પત્રકારોના પેંત્રાથી હમેશાં જનસમાજનું અહીત થયું છે અને થાય છે. સુ:પ્રસિધ્ધ મુસ્લિમ સાપ્તાહિક પત્ર "**ઈન્સાફ**" ના તંત્રી મુન્શી ફતેહખાંન, શુક્રવાર તા૦ ૯ મી મે ૧૯૩૦ ના "ઇન્સાફ" માં પંદર (૧૫) મે પાને વાજબી ઇન્સાફની રાહે લખે છે કે:—"ઈંગ્લેન્ડમાં દરેકને મત સ્વાતંત્ર્યનો હક છે......કિન્તુ હિન્દના પત્રકારો તો, નીચતાના પાશમાં આશ્રય શોધવા એટલે સુધી જાય છે કે વિરોધી પક્ષના આવાઝને દાબી દેવા, તેના વ્યાખ્યાનો અને દલીલોને પોતાના પત્રમાં પ્રગટ નહિ કરતાં, તેની વિરૂધ આર્ટીકલો અને લખાણો થોકબંધ છાપી મારે છે."—જુઓ ઇસ્લામી અઠવાડીક પત્ર "ઇન્સાફ", ૯–૫–૧૯૩૦. વળી, "**વિસમી સદી**" માં, તા૦ ૨૭–૧૧–૧૯૩૨ ના અંકમાં ૬૧૫ મે પાને **૨૧૦ ગિરનારીલાલ**નું રચેલું કતાક્ષમય કાવ્ય છે, તેમાંથી એકજ ફકરો ટાંકું છું:—

૧૮

સર્ટીફીકેટ '**પ્રજા**'-ને મળે,
તો "સાંજ" રડે 'નીર—ધાર' :—
"**પ્રજા**"ની લાગવગ વધી ગઈ—
બ્રહ્મ લોક સુધી આ વાર !